અપીલ અરજી નં.૨૧૫ તા.૮–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ– આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ. (હે અને હો)
અને જાહેર માહિતી અધિકારી તથા તમામઝોનઅને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૪–૬–૧૦ ની અરજીથી (૧) શહેરમાં ફરતી એસ.એમ.સી. ના કોન્ટ્રાકટ પર ફરતી ડોર ટુ ડોર કચરો ઉપાડતી થ્રી વિલર ગાડી ૨૦૦૫ ના પર્યાવરણના કાયદા મુજબ સી.એન.જી.માં ચાલે છે. (૨) પર્યાવરણના કાયદા મુજબ સી.એન.જી.ના હોઈ તો તેની પર પગલાં કેમ લેવામાં આવ્યા નથી. વિ.મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૮–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૧૫/૨૦૧૦–૧૧

શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૪–૬–૧૦ ની અરજીથી (૧) શહેરમાં ફરતી એસ.એમ.સી. ના કોન્ટ્રાકટ પર ફરતી ડોર ટુ ડોર કચરો ઉપાડતી થ્રી વિલર ગાડી ૨૦૦૫ ના પર્યાવરણના કાયદા મુજબ સી.એન.જી.માં ચાલે છે. (૨) પર્યાવરણના કાયદા મુજબ સી.એન.જી.ના હોઈ નો તેની પર પગલાં કેમ લેવામાં આવ્યા નથી. વિ.મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા બાબતે આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.પી.એચ.ડી./સો.વે.મે./આ નં./૧૧૮૫ તા.૮–૯–૧૦ થી આપેલ માહિતીના જવાબ ખોટા અને ગોળ ગોળ આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં પાંચેય મુદ્દા અંગે અપીલ તબકકે તેમનો પક્ષ રજુ કરવા સાથે ચેકીંગ અધિકારી અને તારીખની વિગતોની નકલ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૧૪ તા.૧૫–૧૦–૧૦ થી આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ. (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં ખોટા અને ગોળ ગોળ જવાબના દાવા અંગે આધાર રજુ કરવા તથા કયા મુદ્દા અંગે શું નારાજગી છે તે સ્પષ્ટ કરવા તથા મુળ અરજીની નકલ , ફી ભર્યાની પહોંચની નકલ સહ વિગત રજુ કરેલ નથી જે મોકલવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ. નં.૧૫૧૧ તા.૨૭–૧૦ –૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ , જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ. નં.૧૧૮૫ તા.૮–૯ –૧૦ ના પત્રની નકલ તથા તેને યુપીસી કર્યા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ તથા ફી ભર્યાની વિગત ની નકલ, આરટીઓને આપેલ માહિતી અંગે પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં. નં.૧૪૬૨ તા.૧૬–૧૦ –૧૦ ના પત્રની નકલ, તથા સોલીડ વેસ્ટ વિભાગ તરફથી ભેસ્તાન ટ્રાન્સફર, વેસ્ટઝોન, કતારગામઝોન, સેન્ટ્રલઝોન, ભગવાગર ટ્રેડર્સ વિગેરેની આરસી બુકની વિગતો તથા વેસ્ટઝોન, સેન્ટ્રલઝોન અને કતારગામઝોનના લાયસન્સની વિગતો તેમજ લીંબાયતઝોન તરફથી ડે.કમિ.(હે અનેહો)ને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૫૬૬ તા.૬–૧૦–૧૦ થી મુદ્દા નં.૧,૫ , ૬ અને ૯ ની આપેલ માહિતીની વિગત અત્રે મળેલ છે. જે ડે.કમિ.(હેઅનેહો)ના પત્ર નં.પીએડી/સો.વે.મે./૧૪૬૨ તા.૧૬–૧૦–૧૦ થી જાહેર માહિતી અધિકારી આરટીઓને પણ રવાના કર્યાના પત્રની નકલ મોકલેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી આપેલ માહિતી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં.૭૪૨ તા.૫–૧૦–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ આપેલ માહિતી પત્ર નં.ડ્રેનેજ/આરટીઆઈ/આ.નં.૨૫ તા.૧૫–૧૦–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી આપેલ માહિતી પત્ર એચઈડી/આ.નં.૩૦૪૦ તા.૧૪–૧૦–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી સ્મીમેર આપેલ માહિતી પત્ર નં.સ્મીમેર/૨૩૫૩ તા.૧૩–૧૦–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી ફાયર તરફથી આપેલ માહિતી પત્ર નં. એફબી/એસબી/ ૧૩૬૫ તા.૨૧–૧૦–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી ટ્રાફીક સેલ તરફથી આપેલ માહિતી પત્ર નં.ટ્રાફીક સેલ/૧૨૫૫ તા.૧૧–૧૦–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી સીકયુરીટી તરફથી આપેલ માહિતી પત્ર નં.વોચએન્ડવોર્ડ / નં.૪૯૬ તા.૧૩–૧૦–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી બીઆરટીએસ તરફથી આપેલ માહિતી પત્ર નં.બીઆરટીએસસેલ/આ.નં.૫૦૩ તા.૮–૧૦–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી આપેલ માહિતી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૪૧૧ તા.૭–૧૦–૧૦ ના પત્રની નકલ , જાહેર માહિતી અધિકારી કતારગામઝોન આકારણી તરફથી આપેલ માહિતી પત્ર નં.એન.ઝેડ/એઆરડી//૩૩૮ તા.૧–૧ ૦–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી માર્કેટ તરફથી આપેલ માહિતી પત્ર નં.પીએચડી/માર્કેટ/૬૨૪ તા.૧ ૩–૧૦–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી ફાઈલેરીયા મેલેરીયા તરફથી આપેલ માહિતી પત્ર નં.પીએચડી/આઈઓ/૧૪૭૫ તા. ૧૪–૧૦–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી યુસીડી તરફથી આપેલ માહિતી આપેલ પત્ર નં.યુસીડી/આ.નં.૧૦૦૨ તા.૧૧–૧૦–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી ગાર્ડન તરફથી આપેલ માહિતી પત્ર નં.પીપીજી/આ.નં.૮૩૦ તા.૧–૧૦–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી આપેલ

માહિતી પત્ર નં.વીઆઈડી/૧૦૨૬ તા.૨૯–૯–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી માહિતી અંગે અરજી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી આપેલ માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૩૨૩ તા.૪–૧૦–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી મ્યુ. વર્કશોપ તરફથી માહિતી અંગે ડે.કમિ. (હે અને હો) અને તમામ ઝોન અધિકારીને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી પૂરક વિગતો માં સદર પત્ર સંદર્ભે કોઈ વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૪–૬–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી માંગતી અરજી પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી આરટીઓ ઓફિસ રીંગરોડ ખાતે કરવામાં આવેલ. જે આરટીઓ ઓફિસ તરફથી પત્ર નં.૧૦૨૯૪ તા.૨૮–૬–૧૦ થી અરજી તબદીલ કર્યા અંગેનું અરજી વિનાનું ફોર્મ મોકલવામાં આવેલ. જે અત્રેના વિભાગને તા.૧ ૬–૭–૧૦ ના રોજ મળેલ. તબદીલ પત્ર સાથે મુળ અરજીની નકલ ન હોવાથી અત્રેથી પત્ર નં. આરટીઆઈ સેલ/૪૮૯ તા.૧૭–૭–૧૦ ના રોજ મુળ અરજી મેળવવા પત્ર પાઠવવામાં આવેલ. ત્યાર બાદ પત્ર નં.આરટીઆઈ સેલ/ ૫૪૫ તા.૩૦–૭–૧૦ ની અરજી પત્રની નકલ નહીં મળતાં પુનઃ યાદ પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે આરટીઓ કચેરી તરફથી પત્ર નં.૧૨૫૦૨ તા.૬–૮–૧૦ થી મુળ અરજી તથા ફી ભર્યાનું ચલણ મોકલવામાં આવેલ. જેની વિગતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/આ.નં.૫૮૦ થી તા.૧૦–૮–૧૦ થી માહિતી અંગે ઈ.ચા. ડે.કમિ. (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી તથા ડે.કમિ. (સ્પે) અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં.૧૧૮૫ તા. ૮–૯–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. ત્યાર બાદ આરટીઓ તરફથી પત્ર નં.૧૩૯૫૪ તા.૬–૯–૧૦ થી અત્રેના વિભાગને તા.૧૪–૯–૧૦ ના રોજ મળેલ. જેમાં અરજદારની તા.૧૪–૬–૧૦ ની અરજીના મુદ્દા નં.૧,૫,૬ અને ૯ ની માહિતી આરટીઓ તરફથી માંગવામાં આવેલ. જે બાબતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧૦ તા.૧૭–૯–૧૦ થી આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ.(હે અને હો) ડે.કમિ. ઈજનેર વર્કશોપ તથા તમામ ઝોનને તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક માહિતીમાં પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં.૧૪૬૨ તા.૧૬–૧૦–૧૦ થી આરટીઓ કચેરીને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદાર તરફથી તા.૮–૧૦–૧૦ થી સેન્ટ્રલઝોનમાં અરજદારે તેઓએ કરેલ તા.૧૪–૬–૧૦ ની પ્રાદેશિક વાહન સત્તા મંડળ પાસે માંગેલી અરજી સુરત મહાનગરપાલિકામાં ટ્રાન્સફર કરવામાં આવેલ છે જેનો જવાબ સમય મર્યાદામાં નહીં મળવાથી અપીલ અરજી કરેલ છે. જેમાં સત્તા મંડળ ધ્વારા આપવામાં આવેલ જવાબ ચકાસણી કરાયા વગરના અને ખોટા છે જે અંગે અરજદારે આઈ ડી નં.૧૦૭૪ તા.૧૮–૧૧–૦૮ ના આપેલ જવાબ રજૂ કરેલ છે. જેથી હાલનો આપેલ જવાબ ખોટો છે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. અરજીના મુદ્દા નં.(૧) શહેરમાં ફરતી એસ.એમ.સી. ના કોન્ટ્રાકટ પર ફરતી ડોર ટુ ડોર કચરો ઉપાડતી થ્રી વિલર ગાડી ૨૦૦૫ ના પર્યાવરણના કાયદા મુજબ સી.એન.જી.માં ચાલે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટેન્ડરની શરત મુજબ આરટીઓ માન્ય વાહનો વપરાશમાં લેવાના રહે છે તથા કોન્ટ્રાકટર ધ્વારા વપરાશમાં લીધેલા થ્રી વીલર વાહનો આરટીઓ માન્ય છે. તેવું જણાવેલ છે. (૨) પર્યાવરણના કાયદા મુજબ સી.એન.જી.ના હોઈ નો તેની પર પગલા કેમ લેવામાં આવ્યા નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઓ માન્ય વાહનો જ કામગીરીમાં રોકવામાં આવે છે તેવું જણાવેલ છે. (૩)શહેરમાં એસએમસીના ચાર ઝોનમાં ફરતી ગાડીઓ પર્યાવરણને નુકશાન કરે છે તો તેની કેટલીવાર ચેકીંગ કરી છે તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઓ માન્ય વાહનો જ કામગીરીમાં રોકવામાં આવે છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) એસએમસી ની માલીકીની તેમજ કોન્ટ્રાકટ પર ચાલતા વાહન ડ્રાયવરની લાયસન્સ ચેકીંગ કેટલીવાર કરી છે જેની તારીખ અને કયા અધિકારીએ કરી છે જેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાં ફરજ બજાવતાં તમામ ખાતાકીય તેમજ કોન્ટ્રાકટરના ડ્રાયવરો નિયમ મુજબનો લાયસન્સ ધરાવે છે. અને લાયસન્સ ધરાવતાં કર્મચારી/કોન્ટ્રાકટના ડ્રાયવરોને કામગીરી સોંપવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) એસએમસી ની ગાડીઓ તેમજ કોન્ટ્રાકટ પર ચાલતી ગાડીઓની પાર્સીંગ થઈ છે ખરી જેની તપાસ કયા અધિકારીએ કઈ તારીખે કરી છે જેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાની ગાડીઓનું પાર્સીંગ મ્યું. વર્કશોપ ધ્વારા થાય છે અને તે સમયસર પાર્સીંગ કરાવવામાં આવતું હોય છે. સો. વે. મે. વિભાગમાં કાર્યરત કોન્ટ્રાકટના વાહનોનું પાસીંગ ઈજારાદાર ધ્વારા કરવામાં આવે છે અને ટ્રાન્ફસર સ્ટેશનનો સુપરવાઈઝરીંગ સ્ટાફ વખતોવખત ચકાસણી કરતો હોય છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) એસએમસી તેમજ કોન્ટ્રાકટ પર ચાલતી ગુડસ વાહન ડ્રાયવરો પાસે લાયસન્સ બેજ ધરાવે છે જેની તપાસ કયા અધિકારી કરી છે અને કઈ તારીખ કરી છે જેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાના ડ્રાયવરોના લાયસન્સની ચકાસણી વખતોવખત વાહન ડેપોના સુપરવાઈઝરીંગ સ્ટાફ ધ્વારા કરવામાં આવે છે. તે જ પ્રમાણે કોન્ટ્રાકટ પર ચાલતી ગાડીઓના ડ્રાયવરના લાયસન્સની ચકાસણી ટ્રાન્સફર સ્ટેશનનો સુપરવાઈઝરી સ્ટાફ વખતોવખત કરવામાં આવતી હોય છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૭) એસએમસીના વાહનો તેમજ કોન્ટ્રાકટ પર ચાલતાં વાહનોની ચેકીંગ કઈ તારીખથી નથી થઈ તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વાહનોના કયા પ્રકારના ચેકીંગની માહિતી જોઈએ છે તે સ્પષ્ટ થતું ન હોઈ માહિતી પૂરી પાડી
શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૮) સદર વાહનોની ચેકીંગ નથી કરી તો કયા નિયમ મુજબ નથી થઈ જેની માહિતી . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી લાગુ પડતું નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૯) એસએમસીના કોન્ટ્રાકટ પર ચાલતા ડોર ટુ ડોર કચરો ઉપાડે છે તે તમામ ગુડસ વાહન સુરત પાર્સીંગ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એસએમસીના કોન્ટ્રાકટર પર ચાલતાં ડોર ટુ ડોર કચરો ઉપાડે છે તે તમામ

ગુડસ વાહનોનું રજીસ્ટ્રેશન સુરત અથવા સુરત બહાર થયેલ છે પરંતુ નિયમ મુજબ સુરત આરટીઓ ધ્વારા માન્ય કરવામાં આવેલ વાહનોને કામગીરીમાં ઉપયોગમાં લેવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૧૦) સદર ગુડસ વાહન સુરત પાર્સીંગ નથી તો સુરતમાં કયા સરનામે પાસ કરેલ છે જેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સદર માહિતી રૂબરૂ આવી ચકાસણી કરી શકાશે. તેવું જણાવેલ છે. આમ અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આમ અરજદારે તા.૧૪–૬–૧૦ ની પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તા મંડળને માંગેલી માહિતીની અરજી સુરત મહાનગપાલિકાને ટ્રાન્સફર કરેલ હોઈ જેનો જવાબ સમય મર્યાદામાં નહીં મળ્યાનું જણાવી તા.૮–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે આઈ ડી નં.૧૦૭૪તા.૩–૧૧–૦૮ ની માહિતી માંગતી અરજી સંદર્ભે પીએચડી/સો.વે.મે./આ.નં.૧૯૭૪ તા.૧૮–૧૧–૦૮ થી આપેલ માહિતીની તમામ વાહનો હંકારવા માટે ડીઝલ બળતરનો ઉપયોગમાં લે છે. તેવો નિર્દેશ કરી માહિતી ખોટી હોવાનો દાવો કરેલ છે. પરંતુ અરજદારે અપીલ તબકકે પાઠવેલ પત્રના સંદર્ભમાં અપીલમાં કરેલા દાવા અંગે કોઈ વિગતો રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી પીએચડી/સો.વે.મે./આ.નં.૧૫૧૧ તા.૨૭–૧૦–૧૦ થી આપેલ પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ આરટીઓ કચેરીને આપેલ લીસ્ટની વિગતો પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં.૧૪૬૨ તા.૧૬–૧૦–૧૦ ના પત્રની નકલની વિગત જોતાં સદર માહિતી ખોટી હોવાને સમર્થન મળતું નથી. વધુમાં અરજદારના અપીલ અરજીમાં પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તા મંડળે અત્રેના સત્તા મંડળને વિગતો સાથેની તબદીલી તેમના તા.૬–૮–૧૦ ના પત્રથી તબદીલ કરેલ છે. ત્યાર બાદ અત્રેના સત્તા મંડળ તરફથી અરજદારને પીએચડી/સો.વે.મે./આ.નં.૧૧૮૫ તા. ૮–૯–૧૦ થી માહિતી પૂરી પડાયેલ છે. ત્યાર બાદ અપીલ તબકકે પણ પૂરક માહિતીમાં સોલીડ વેસ્ટ વિભાગ તરફથી ભેસ્તાન ટ્રાન્સફરર , વેસ્ટઝોન, કતારગામઝોન,ભગવાગર ટ્રેડર્સ વિગેરેની આરસીબુકોની વિગત તથા વેસ્ટઝોન , સેન્ટ્રલઝોન, કતારગામઝોન, લાયસન્સોની વિગતનો રેકર્ડ રજૂ કરેલ છે. જેની નમુનારૂપ ચકાસણી કરેલ છે જેમાં આરસીબુક લાયસન્સ વિગેરે લેવામાં આવેલ છે. તથા અન્ય વિભાગો તરફથી મુદ્દા નં.૫ અને ૬ ની માહિતી અઠવાઝોન, સ્મીમેર, ટ્રાફીક સેલ, બીઆરટીએસ, કતારગામઝોન, યુસીડી વિભાગો ધ્વારા તથા મુદ્દા નં.૬ ની માહિતી સીકયુરીટી, ફાયર ,ડ્રેનેજ, માર્કેટ, ગાર્ડન , વીજીલન્સ વિગેરે વિભાગો ધ્વારા પણ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. રીક્રુટમેન્ટ અને મધ્યસ્થ મહેકમની માહિતી નીલ છે તેની માહિતી પૂરી પાડેલ છે. પણ અપીલ તબકકે માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અપીલ દરમ્યાન સોલીડ વેસ્ટ સિવાયના લીંબાયતઝોન, સેન્ટ્રલઝોન, ઉધનાઝોન, રાંદેરઝોન અને વરાછાઝોન તરફથી માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. લીંબાયતઝોન તરફથી ડે.કમિ.(હેઅનેહો)ને મોકલેલ માહિતી આરટીઓના માધ્યમથી અરજદાર પૂરી પાડવા રવાના થયેલ છે તે પણ સૂચક છે. પરંતુ સીધી અરજદારને અપાયેલ જણાતી નથી. જેમાં ફાયર વિભાગના પાના નં.૧ થી ૮ માં ૧ ૫ર જેટલા વાહનોનો વિગતવાર માહિતી નો પણ સમાવેશ થાય છે. અરજદારે માંગેલ વાહનોના ચેકીંગ બાબતે અવાર નવાર તેવું જણાવેલ છે. પરંતુ અપીલ માહિતીની વિગત જોતાં તેમાં લાયસન્સ, બેજ, પાસીંગની અદ્યતન માહિતી સમાવિષ્ટ થયેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૪–૬–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકીની માહિતી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ,સેન્ટ્રલઝોન, ઉધનાઝોન, રાંદેરઝોન અને વરાછાઝોન ની સોલીડ વેસ્ટ સિવાયના વાહનોને લગતી અરજીના સંદર્ભે નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં પૂરી પાડવા અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન, એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનઅને ઉધનાઝોન તથા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન અને રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

ચેકીંગના તબકકા વિગેરે અંગે અરજદાર ઈચ્છુક હોય તો સો.વે.મે. ના જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવી બાબત હેઠળના દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી ભરપાઈ કરી મેળવવા સ્વતંત્ર છે. અરજદારે માંગેલ માહિતી આરટીઓ કચેરીએથી વિલંબથી તબદીલ થયેલ તેમ છતાં તમામને વિના મૂલ્યે માહિતી આપેલ જણાય છે. જેથી તે વિશે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હે અને હો) , તથા તમામઝોન અને જાહેર માહિતી અધિકારી
....જાણ તથા અમલ માટે

(૨) શ્રી ગુલામભાઈ મેમણ,